ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૧૧-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

જી-૨૦માં કાળાં નાણાંનો મુદ્દો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વ પ્રવાસે નીકળ્યા છે અને જી-૨૦ સમ્મેલન દુનિયાના સૌથી મોટી લોકશાહીનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે ત્યારે પણ એમને પોતે ચૂંટણી પ્રચાર દરમિયાન કરેલ કેટલાંક કમિટમેન્ટ સમયસર પાળી શકાય એની ચિંતા કરે છે, તે ખૂબ જ પ્રસંશનીય બાબત છે. અત્યાર સુધી એમ જ મનાતું રહ્યું છે કે મોદીએ ચૂંટણી જીવતા પૂરતો જ કાળાં નાણાંનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને જેવી ચૂંટણીની મોસમ પુરી થઇ એવો આ મુદ્દો હાંસિયે ધકેલાઇ જવાનો છે. લગભગ બન્યું પણ એવું જ. નાણાંપ્રધાન અરૂણ જેટલી અદાલત સમક્ષ પૂર્વ નાણાંમંત્રી ચિદંબરમની જ ભાષા બોલવા લાગ્યા અને અદાલતે બહુ દબાણ કર્યું ત્યારે વિદેશમાં કાળા નાણાં વાળા ઇસમોની યાદી આપી તે પણ અડધી-પડધી. ખુદ મોદીએ એમની 'મનની વાત' રજૂ કરી એમાં પણ વિદેશી બેંકોમાં કેટલું કાણું નાણું છે એ વિશે પોતે કશું જ નહીં જાણતા હોવાની વાત કરીને બધાંને ચકિત કરી દીધાં. ચૂંટણી પ્રચાર વખતે મોટા મોટા આંકડા રજૂ કરનાર અને દેશના નાગરિકોને ખાતા દીઠ દસ-પંદર લાખ બારોબાર જમા મળી જશે - એવી વાહિયાત છતાં લલચામણી રજૂઆતો હવાઇ ગઇ! આ બધી બાબતો અંગત રીતે મોદીને લોકનજરમાં નીચા પાડનારી હતી. ઓસ્ટ્રેલિયા પહોંચીને જયારે જી-૨૦ શિખર પરિષદમાં આવેલા બ્રિક્સ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ સાથેની અનૌપચારિક બેઠકમાં મોદીએ મનમાં ઘોળાતી કાણાં નાણાં વિશેની વાત છેડી અને સામેના નેતાઓને એકબીજાના દેશમાં જમા પડેલાં આવા બિનહિસાબી નાણાંની માહિતી ઉપલબ્ધ કરાવવા બાબતે જાડી સહમતિમાં જોતરી શક્યા, તે મોદીની આગવી સિદ્ધિ લખાશે. મોદીએ જી-૨૦ના ઘોષણાપત્રમાં બેન્કોમાં ખાતાંની માહિતીની આપોઆપ આપ-લે કરી શકાય. એ મુદ્દો સામેલ કરવા પર જોર આપ્યું અને એને સંમતિ મળતાં મોદીની આ યાત્રા ફક્ત ખાણીપીણી કે ગાંધીજીના બાવલાના ઉદ્ઘાટન ઉપરાંત સિડની ખાતે અમેરિકાના મેડિસન સ્કેવર કરતાં પણ ભવ્ય સ્વાગત સમારોહ અને વાહવાહીનો ઉપક્રમ ન રહેતા કાણાં નાણાંનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે થઇ શકે છે. મોદીએ વિશ્વનેતાઓ સાથે મુલાકાતો યોજીને ભારે પ્રભાવ પાથર્યો છે અને બ્રિસ્બેનમાં વિશ્વનેતાઓના સંમેલનમાં તેઓ કેન્દ્ર સ્થાને રહ્યા છે, તે ભારત માટે ગૌરવની બાબત જ ગણાય.

ગાંધીનગર વસાહતી વણકર સમાજ દ્વારા સેક્ટર-૪ ખાતે એક સ્નેહમિલન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશીષ દવે, વિપક્ષ નેતા ચીમન વિંઝુડા, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ તેમજ સમાજના આગેવાનો અને જનસમુદાય ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

સુથાર સમાજનો પસંદગી મેળો યોજાશે

વિશ્વકર્મા વંશજ સમસ્ત સુથાર સમાજનો ૨૬મો લગ્નોત્સુક યુવા પરિચય મેળો યોજાશે. તા. ૨૧ ડિસેમ્બરના રોજ અમદાવાદમાં યુવા પસંદગી સંમેલન યોજવામાં આવનાર છે. પસંદગી સંમેલનમાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતીઓએ ૨૫મી નવેમ્બર દરમિયાન પ્રવેશ ફોર્મ વિગત સાથે ભરીને પરત કરવાના રહેશે. ગાંધીનગરમાં વસતા સુથાર સમાજના યુવક-યુવતીઓએ જીજ્ઞાબેન સુથાર પ્લોટ નં. ૧૪૭૬/૨, સે-૩-સી ખાતેથી મેળવી પરત કરવાના રહેશે. ૨૩૨૨૭૭૬૦ પર સંપર્ક કરવો.

સઘન સુરક્ષા વચ્ચે કેટમાં પ્રથમ તબક્કામાં પરીક્ષા

પરીક્ષાનો સમય પણ વધારી ૧૭૦ મિનિટ કરાયો : બીજા તબક્કામાં આગામી શનિવારે

પરીક્ષા : કુલ ૧.૯૭ લાખ ઉમેદવારો : ૯૯ શહેરોમાં કેટની પરીક્ષા લેવાઇ છે

અમદાવાદ, તા. ૧૬

આજથી બે તબક્કામાં સીએટીની શરૂઆત થઇ હતી. દેશભરમાંથી ૧.૯૭ લાખ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. પ્રથમ તબક્કામાં આજે પરીક્ષા યોજાઇ હતી. દેશભરમાં છ નવી સહિત ૧૯ આઇઆઇએમમાં પ્રવેશ માટે બે તબક્કામાં પરીક્ષાની શરૂઆત થઇ હતી. દેશમાં હાલમાં ૧૩ આઇઆઇએમ છે. સાથે સાથે આગામી શૈક્ષમિક વર્ષથી છ નવી સંસ્થા શરૂ કરવામાં આવનાર છે જેથી કુલ ૧૯ આઇઆઇએમમાં પ્રવેશ માટે પરીક્ષા થઇ રહી છે. આઇઆઇએમ સહિત ટોપની બિઝનેસ સ્કુલોમનાં પ્રવેશ માટે દર વર્ષે ઓક્ટોબર -નવેમ્બરમાં પરીક્ષા લેવામાં આવે છે. આ વર્ષે ગાયા વર્ષ કરતા મોડેથી પરીક્ષા થઇ રહી છે. બે તબક્કામાં કેટ પરીક્ષા લેવાઇ રહી છે. આજે પરીક્ષા થયા બાદ હવે આગામી શનિવારે ૨૨મી દિવસે પણ પરીક્ષા લેવામાં આવનાર છે.

આજે બે સેશનમાં પરીક્ષા લેવાઇ હતી. જે પૈકી પ્રથમ સેશન સવારે ૯-૩૦થી ૧૨-૩૦ વાગે અને બપોરે ૩-૩૦થી ૫-૫૦ વાગે દરમિયાન લેવામાં આવી હતી. ગયા વર્ષે પરીક્ષામાં ૧.૯૪ લાખ ઉમેદવારો નોંધાયા હતા જેની સામે આ વર્ષે ૧.૯૭ લાખ ઉમેદવારો નોંધાયા છે. આ વર્ષે પરીક્ષા માટે ૪૯ શહેરો વદારી દેવામાં આવ્યા હતા. જેથી કુલ શહેરોની સંખ્યા ૯૯ થઇ ગઇ હતી. કુલ ૩૫૪ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી રહી છે. આ વખતે પ્રશ્નોની સંખ્યા સેક્સનમાં વધારીને ૫૦ કરી દેવામાં આવી હતી. જે સામાન્ય રીતે ૩૦ હોય છે. છબરડા અને ગેરરિતીને રોકવા માટે કેટલાક પગલા લેવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે પરીક્ષા બે દિવસ રાખવામાં આવી છે. ઉમેદવારોને વિકલ્પ આપવામાં આવ્યા નથી.

હરિની દૃષ્ટિ...



સાચો જ જવાબ છે મેમ... પપ્પાનાં વોટ્સ એપ પર ગઇકાલે વાચ્યું... 'પ્રશ્ન જુનો ભલે હોય, ઊકેલ નવો હોઇ શકે...!!'

કોલવડા કે. કે. પટેલ વિદ્યાલયમાં વિદાય, સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર પાસેના કોલવડા ગામની શ્રીમતિ કે.કે. પટેલ વિદ્યાલયમાં એક શિક્ષકનો નિવૃત્ત સન્માન સમારોહ યોજવામાં આવશે.

કોલવડા સ્થિત શ્રીમતિ કે.કે. પટેલ વિદ્યાલયમાં સતત ત્રણ દાયકાથી ફરજ બજાવતા ચિનુભાઈ એમ. પટેલ વયમર્યાદાને કારણે નિવૃત્ત થઈ ચુક્યા છે ત્યારે તેમનો વિદાય સન્માન સમારોહ તા. ૧૯ નવેમ્બર બુધવાર સવારે ૮.૩૦ વાગે શાળા પરિસરમાં યોજાશે. સમારંભમાં અધ્યક્ષ તરીકે (૩) ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે પૂર્વ સરપંચ સોનલબા વાઘેલા, પોપટભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત ઉદ્ઘાટક તરીકે નારણભાઈ પટેલ અને સે. ૨૩ સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી ઉપસ્થિત રહી આર્શીવચન આપશે.

વિદ્યાર્થીને જીવનમૂલ્યો અંગે પણ માહિતી આપવી જોઈએ

શિક્ષણની સાથે સાથે જીવન મૂલ્યો અને નીતિમત્તાના પાઠ જરૂરી : અમદાવાદ વેલ્ફેર સોસાયટી દ્વારા ખાસ કાર્યક્રમ

અમદાવાદ, તા. ૧૬

વિદ્યાર્થીઓને શિક્ષણની સાથોસાથ જીવન મૂલ્યો અને નીતિમત્તાના પાઠો ભણાવવા જોઇએ જેથી ભવિષ્યમાં તે આદર્શ નાગરિક બની શકે. જ્ઞાને માહિતીની સાથે સરળતા, મૃદુતા, મધુરતા, તેજસ્વીપણુ, સેવા અને સમસંવેદનાના ગુણો બાળકોમાં ખીલવા જોઇએ તેમજ શિક્ષક શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક ચેતના જાગૃત થાય અને વિદ્યાર્થી તેના લક્ષ્યના ઉચ્ચતમ શિખર સુધી પહોંચી શકે તેવું વાતાવરણ અને શિક્ષણ પ્રદાન કરવું જોઇએ તેમ રાજયપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું.

અમદાવાદ વેલ્ફર સોસાયટી દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સમ્માનવા યોજાયેલા કાર્યક્રમમાં રાજયપાલ ઓપી કોહલીએ કહ્યું હતું કે, મુસ્લિમ સમાજમા શિક્ષણ ક્ષેત્રે જાગૃત્તિ ઓછી હતી પણ હવે તસવીર ધીરે ધીરે બદલાઈ રહી છે. મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓ પણ શિક્ષણન અનેકવિધ ક્ષેત્રમાં અભ્યાસ કરી રહ્યા છે. વેલ્ફર સોસાયટી અમદાવાદ દ્વારા ધોરણ ૧૦, ૧૨ અને ડેન્ટલ, એન્જિનિયરિંગ જેવી વિદ્યાશાખા અને રમતગમત ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનારને પ્રોત્સાહિત કરવા શિલ્ડ અને ઇનામ એનાયત થવાના છે તે આવકારદાયક બાબત છે તેમ રાજ્યપાલે જણાવ્યું હતું.

શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણનો વ્યાપ વધ્યો છે, પરંતુ સામાન્ય માનવ ી માટે ઊંચા રફીના ધોરણ હોય તેવું શિક્ષણ પ્રાપ્ત કરવું અઘરુ છે. સરકારા શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સામાજિક સંસ્થાઓ અને સમાજ ભેગા થઇ શિક્ષણ આમ આદમીને પરવડે, મળતુ થાય તે દિશામાં ચિંતન અને મંથન કરી નિષ્કર્ષ પર પહોંચવું પડશે જેથી કોઇપણ વિદ્યાર્થી શિક્ષણની નવી તરાહના, નવા વિચારો નવા આયામો સાથે પોતાની શૈક્ષણિક કારકિર્દી સુપેરે હાંસલ કરી શકે તેવી ખેવના રાજ્યપાલે વ્યક્ત કરી હતી.

વણકર સમાજ વોર્ડ નં. ૧૧નો સ્નેહમિલન સમારોહ યોજાશે

સેકટર-૪ ગાંધીનગર વસાહતી વણકર સમાજ વોર્ડ નં. ૧૧નો સ્નેહમિલન સમારોહ મેયર મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

સેકટર-૪ બગીચા ખાતે તા. ૧૬ નવેમ્બર રવિવાર સવારે ૯.૩૦ વાગે ગાંધીનગર વસાહતી વણકર સમાજ વોર્ડ નં. ૧૧નો સ્નેહમિલન સમારોહ યોજાશે. સમારોહમાં સેકટર-૪ અને પના સમાજના ધોરણ ૧ થી ૧૨નાં પ્રથમ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવશે. સમારોહમાં મુખ્ય મહેમાન અને ભોજન દાતા તેજાભાઈ દેસાઈ, આશિષ દવે ચેરમેન મનપા, મનુભાઈ પટેલ નેતા મનપા, રમીલાબેન પરમાર, કોર્પોરેટર ઉપસ્થિત રહેશે. વોર્ડ નં. ૧૧ના વણકર જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

સૌના મંગળની ભારતીય જીવનદ્રષ્ટિ ઉપયોગી છે

અમદાવાદ, તા. ૧૬

રાજ્યપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું કે, સર્વ મંગલમ્ ભવતુ એટલે કે સૌના મંગળની ભારતીય જીવન દ્રષ્ટિએ જ પ્રાચીન, મધ્ય અને આધુનિક સાહિત્યને પ્રાણવાન અને ચેતનવંતુ બનાવ્યું છે. અમદાવાદના શિવાનંદ આશ્રમ ખાતે ચિદાનંદ સ્વામીની સ્મૃતિમાં આયોજિત પ્રાચીન ભારતીય સાહિત્યનો વારસો અને તેનો વર્તમાન જીવનમાં વિનિયોગ વિષય વ્યાખ્યાન શ્રેણીમાં રાજ્યપાલે જણાવ્યું છે કે, સામાન્યતઃ સમાજની જે દ્રષ્ટિ હોય તે સાહિતમાં અભિવ્યક્તિ થાય છે. આધ્યાત્મિક સાહિત્ય બે પ્રકારનું છે. ભક્તિરસ જેને આપણે આધ્યાત્મા, ધાર્મિક નીતિ જીવનનું પથદર્શન કરતું રામાયણ, મહાભાગર, વેદ, પુરાણ વગેરે અને બીજી સાહિત્ય ભક્તિ સિવાયનું ઇતર સાહિત્ય એમ જણાવતા રાજ્યપાલે કહ્યું કે, શાસ્ત્રોમાં ધ્યાનને ધર્મનું મૂળ રહ્યું છે અને અભિમાનને પાપનું મૂળ. મહાપુરુષોના જીવનમાં અને વર્તમાન સાહિત્યમાં સંસ્કૃતિનો પ્રવાહ વહેતો જોવા મળે છે. આ સંસ્કૃતિ સનાતન છે, તેમ જણાવી રાજ્યપાલે સનાતનતાનો મહિમાં વર્ણવી ભારતીય જીવન દર્શન અને ચિંતન પ્રસ્તુત કર્યું હતું. રાજ્યપાલે આજના પરિદ્રશ્ય અનએ પડકાર વિશે ચિંતન રજૂ કર્યું કે, આજની વિડંબના સ્વકેન્દ્રીપણું છે. લાગણીશીલતા (ભાવલોક), માનસિક (જ્ઞાનલોક) અને શારીરિક (ક્રિયાલોક)ની પીડાથી આપણે ગ્રસ્ત છીએ.

વિસનગરા નાગર પરિવારનો સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા. ૧૬

શ્રી વિસાનગરા નાગર પરિવારનો ૨૧મો સ્નેહમિલન સમારોહ તથા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહક ઈનામો અપાશે. ૭૫ વર્ષ પુરા કરનાર વડીલો તથા વિશિષ્ઠ સિદ્ધિઓ મેળવી હોય તેવાઓનું સન્માન તા. ૨૩મી નવેમ્બરના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલમાં બપોરે ૩.૩૦ વાગે યોજાશે.

જેમાં સમાજ શ્રેષ્ઠી ઝુંડાલવાળા શ્રી ચંદ્રકાંતભાઈ (બાબુલાલ) અંબાલાલ મહેતાના પ્રમુખ સ્થાને યોજાશે. મુખ્ય મહેમાનપદે જાણીતા એડવોકેટ અને કન્વીનરશ્રી ભાજપ લીગલ સેલ મહાનગર ગાંધીનગર શહેરના શ્રી અતુલભાઈ કાંતિલાલ પંડ્યા રહેશે. જ્ઞાતિજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે પ્રમુખશ્રી સુરેશભાઈ મહેતા, કોર્પોરેટર ભાજપ તથા મહામંત્રીશ્રી મહેશભાઈ રાવલે જણાવેલ છે.

અખબારોની પારદર્શકતામાં વાચકોની જાગૃતિ મહત્વપૂર્ણ

અમદાવાદ, તા. ૧૬

અખબારોની પારદર્શકતામાં વાચકોની જાગૃતિ મહત્વની છે. મિડિયામાં પ્રજાજનોની જાગૃતિ અને ભાગીદારીએ સાર્વજનિક બાબતોમાં પારદર્શકતા લાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવે છે જેમાં સોશ્યલ મીડિયા પાંચમાં સ્તંભ તરીકે ઉભરી રહ્યું છે તેવો નિષ્કર્ષ પ્રેસ ડે નિમિત્તે યોજાયેલા સેમિનારમાં તજજ્ઞો દ્વારા તારવવામાં આવ્યો હતો. ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને ગુજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ૧૬ નવેમ્બર રાષ્ટ્રીય પ્રેસ ડેની ઉજવણી નિમિત્તે ગુજરાત વિદ્યાર્થીઠના પ્રૌઢ શિક્ષણ વિભાગમાં સેમિનાર યોજાયો હતો. પ્રમાણિકતા, કાર્યધગશ અને શીખવાની તત્પરતા સફળતાના મંત્રો છે. સમાજમાં બદલાવ લાવવાની ભૂમિકા અદા કરીને પત્રકારે પોતાનું પત્રકારત્વ નિભાવવું જોઇએ. મીડિયાએ પ્રતિનિધિ નહીં પણ પ્રતિબિંબ બનીને પારદર્શિતા રજૂ કરવાની હોય છે જેમાં વાચકો અને દર્શકોની ભૂમિકા મહત્વની છે એમ ઈટીવી ગુજરાતીના ગુજરાતના વડા નરેશભાઈ દવેએ જણાવ્યું હતું. સાર્વજનિક બાબતોમાં પારદર્શકતામાં અખબારોની ભૂમિકા વિષયે યોજાયેલા સેમિનારમાં નરેશ દવેએ વધુમાં જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાની પારદર્શકતા માટે સોશ્યલ મિડિયા જાગૃત પ્રહરીની ભૂમિકા ભજવે છે તે મહત્વપૂર્ણ અને પ્રશંસનીય પણ છે. ગુજરાત વિદ્યાપીઠ પત્રકારત્વ વિભાગના વડા વિનોદભાઈ પાંડેએ જણાવ્યું હતું કે, વિકસતા જતાં યુગમાં કામ કરતા વર્તમાન મીડિયાએ પોતાના ઈતિહાસના ગૌરવને જાળવીને ગુણવત્તાલક્ષી સાબિત થવું જોઈએ. શોષિતો, ગરીબો, સમસ્યાઓ, કૌભાંડ તેમજ ભ્રષ્ટાચારોના પક્ષે સકારાત્મક ભૂમિકા વર્તમાન મિડિયા કરે છે.

લગ્ન વિષયક તકરારનું વિશિષ્ટ સ્વરૂપ એટલે NRI લગ્નો - તેની કાનૂની પરિસ્થિતિ, ભરણપોષણની સમસ્યા, છુટાછેડા, દહેજ, શારીરિક ત્રાસ, લગ્નનું વચન આપી વચનભંગ, છેતરપીંડી, લગ્નેત્તર સંબંધો જેવા અનેક પ્રશ્નો

મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે ગરીબી નિવારણ માટેની યોજનાઓનું મૂલ્યાંકન, શહેરી ગરીબો માટેના વિકાસ કાર્યક્રમો, લોકલ ગવર્નન્સ વૈશ્વિક ઘોષણા તેમજ નગર સેવકો શું કરી શકે તે અંગે ચર્ચા કરી. હાલમાં સૌથી વધારે ચર્ચીત બાબત અને ખૂબજ મહત્વનો મુદો પરદેશમાં થતાં લગ્ન વિશે જાણીએ.

પ્રાસ્તાવિક :

ભારતીયો અને સવિશેષ રીતે ગુજરાતી પરિવારો સદીઓથી વિશ્વનાં અનેક દેશોમાં પથરાયેલાં છે, અમુક પરીવારો માટે તો બીજું કે ત્રીજું સ્થળાંતર (માઈગ્રેશન) થયેલું છે જેમ કે ભારતથી આફ્રીકા અને બાદમાં યુ.કે. અને વર્તમાનમાં અમેરીકામાં સ્થાયી થયા હોવા તેવા અનેક ઉદાહરણો છે. ભારતમાં વસતા પરિવારો અને વિદેશમાં સ્થાયી થયેલા પરિવારો વચ્ચે લગ્નવિષયક વ્યવહાર પણ સદીથી વધારે જુનો છે કારણકે વર્તમાન પેઢી અને તેના પિતાનો જન્મ પણ વિદેશમાં જ થયો હોય તેવા ઘણાં બધા ઉદાહરણો છે.

સમસ્યા :

છેલ્લા થોડાં વર્ષોથી ભારતીય મહિલાઓની લગ્ન વિષયક (NRI) ધ્યાન ઉપર આવી છે, લગ્ન વિષયક તકરારનું વિશિષ્ઠ સ્વરૂપ એટલે NRI લગ્નો તેની કાનુની પરિસ્થિતિ, ભરણપોષણની સમસ્યા, છુટાછેડા, દહેજ, શારિરિક ત્રાસ, લગ્નનું વચન આપી વચન ભંગ, છેતરપીંડી, લગ્નેતર સંબંધો જેવા અનેક પ્રશ્નો આપણી સમક્ષ ઉભા થયા છે.

કાનુની સ્વરૂપ :

લગ્ન વિષયક તકરાર મુળભૂત રીતે સમગ્ર કાનુની પ્રક્રિયામાં સૌથી જટીલ અને આંટીઘુંટીવાળી કાનુની સમસ્યા ગણાય છે. યુનિફોર્મ સીવીલ કોડની ગેરહાજરીમાં ભારતીય લગ્ન વિષયક તકરાર વધુ જટીલ બનેલ છે. એક દેશની સીમા વટાવી અને બીજા દેશમાં થતાં લગ્ન 'NRI Merraiges' તરીકે આપણે ઓળખીએ છીએ.

છેલ્લા થોડા વર્ષોમાં ભારતીય મહિલાઓ બિનનિવાસી ભારતીયો દ્વારા છળકપટયુકત લગ્નનો ભોગ બનતી આવી છે અને તેમાં દહેજ ઉપરાંત સગવડતાવાળા લગ્ન એટલેકે કાનૂની જરૂરીયાત મુજબના લગ્ન કરી મહિલાને તરછોડવી, લગ્ન કર્યા પછી વિદેશ પહોંચી જવું અને પત્નીને પછી બોલાવવાનું વચન આપી કયારેય ન બોલાવવા, મહિલાને વિદેશની ધરતી ઉપર પરેશાન કરી પાસપોર્ટ જપ્ત કરી લેવો તેમજ વિદેશની કોર્ટોમાં એક તરફી છૂટાછેડા લઈલેવા, આ પ્રત્યેક બાબતો આજે માત્ર સામાજીક સમસ્યા નથી રહી પરંતુ એક જટીલ કાનૂની સમસ્યા પણ બની ગઈ છે અને ભારત સરકાર અને ખાસ કરીને ગુજરાત, પંજાબ, હરીયાણા, રાજસ્થાન, કેરાલા જેવા રાજયો કે જયાંથી દચય લગ્નો ખૂબ થાય છે ત્યાં આ બાબતની વિશેષ ચિંતા જોવા મળે છે. આ પ્રકારના લગ્નો એટલે ભારતીય સ્ત્રી હોય અને પુરૂષ મૂળ ભારતીય હોય પરંતુ વિદેશમાં વસતો હોય. ખાસ કરીને જોખમોની સ્થિતિમાં વિદેશી અજાણી ધરતી ઉપર એકલા પડી જવું, ભાષાની મુશ્કેલી, સંદેશા વ્યવહારની તકલીફ, જે તે દેશોના સ્થાનીક કાયદાની નાસમજ, પોલીસ વ્યવસ્થા અંગે અજ્ઞાન અને સંકટ સમયે કોઈનો પણ ટેકો ન મળવો જેવી અનેક બાબતો આજે સપાટી પર આવી રહી છે.

નેશનલ કમીશન ફોર વુમન અને મીનીસ્ટ્રી ઓફ ઓવરસીઝ ઈન્ડીયન અર્ફેસ દ્વારા આ સંદર્ભે કેટલાક મુદ્દાઓ ધ્યાન પર આવેલા છે જેમકે...,

● ટુંકાગાળામાં લગ્ન પછી મધુરજની બાદ પતિનું વચન આપી વિદેશ ચાલ્યા જવું અને પાછળથી કદી ટીકીટ મોકલવી નહી, ઘણાં કિસ્સાઓમાં તો પત્ની સગર્ભા પણ હોય છે.

● પતિ સાથે લઈ જાય છે પરંતુ નોકર-ચાકર કરતાં પણ ખરાબ વ્યવહાર કરવામાં આવે છે અને ઘર છોડી જવાની ફરજ પાડવામાં આવે છે.

● પતિ ટીકીટ પણ મોકલે પરંતુ એરપોર્ટ ઉપર લેવા જ ન આવે અને પત્ની કફોડી સ્થિતિમાં મુકાય જાય છે અને સાથો સાથ કોઈના પણ આધાર વગરની બની જાય છે, કાનૂની દ્રષ્ટીએ પણ નીરાધાર બની જાય છે.

● પતિના ઘરે પહોંચ્યા પછી ખબર પડે કે પતિ અગાઉથી પરીણીત જ છે અને માત્ર માતાપિતાના દબાણથી લગ્ન કરવા પડયા હોય.

● પોતાની નોકરી, ઈમીગ્રેશનનો દરજજો, આવક, મિલ્કત કે લગ્ન વિષયક દરજજા અંગે પત્નીને સાચી માહિતી આપી ન હોય.

● અકારણ સ્થાનીક કાયદા મુજબ છુટાછેડા એક તરફી લઈ લેવા.

● જયારે ભારતમાં અદાલતોનો આશરો લેવામાં આવે છે ત્યારે ભારતીય કાયદો લાગુ પડે કે કેમ તેનું ટેકનીકલ ગ્રાઉન્ડ લેવામાં આવે છે.

● ભારતમાં મુકદમો ચાલે છે પરંતુ પતિ કાયરેય હાજર થતો નથી.

● બાળકોના કબજા સંદર્ભે પણ વ્યાપક સ્તરે કાનૂની સંઘર્ષ જોવા મળે છે

● મહિલા કયારેક ભારત આવી જાય અને ભરણપોષણનો દાવો કરે ત્યારે ભારતીય કાયાદા અમોને લાગુ પડતા નથી તેવો બચાવ લેવામાં આવે છે પરંતુ આ સંદર્ભે ભારતીય અદાલતો ખૂબજ સંવેદનશીલ છે.

રાષ્ટ્રીય પરીપ્રેક્ષ્યમાં આ સમસ્યા :

કેન્દ્રીયકક્ષાએ National Council of Women દ્વારા ચલાવાઈ રહેલ NRI Cell.

સંસદીય સમિતિની ભલામણનાં આધાર ઉપર વિદેશમંત્રાલયે ૨૦૦૯ માં NRI Cell ની સ્થાપના કરેલી છે. તેનાં મુખ્ય કાર્યો :-

● ભારતીય મહિલાની વિદેશમાં વસતા પતિ સામેની ફરીયાદોનું સંકલન કરે છે.

● ફરીયાદ સંદર્ભે આ સેલ કન્સીલીએશન, મીડીએશનનાં માધ્યમથી ફરીયાદોનાં નિકાલનો પૂયત્ન કરે છે.

● રાજયોમાં આવેલ મહિલા પંચો, સ્વૈચ્છીક સંગઠનો વિ. સાથે સંકલન કરે છે.

● પિડિત મીહલાઓને કાનુની સહાય જે તે દેશોની એમ્બેસી સાથે સંકલન સાધી કાનુની ઉપાયો અંગે સર્વગૂાહી વ્યવસ્થા કરે છે.

● NRI લગ્ન વિષયક તમામ તકરારો સંદર્ભે ડેટાબેંક તૈયાર કરવાની સાથે રાજય સરકારો સાથે સંકલન સાધી સંકલિત પૂયત્નો હાથ ધરવામાં આવે છે. આંતર રાષ્ટ્રીય આપસી કરારો, અસ્તિત્વમાં રહેલ ટ્રીટી વિગેરે અંગે નિષ્ણાંત સલાહ આપે છે.

● વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓની પેનર્લોારા કાનુની મદદ પુરી પાડે છે.

● દેશભરમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે.

વિદેશમાં થતાં લગ્ન વિષયક બાબત તેમજ નગર સેવકોના વિવિધ આયોમોની વિગતવાર ચર્ચા સાથે મળીએ આવતે અંકે...